# સરકારે નીટની પરીક્ષા માટે ચોક્કસ નીતિ ઘડવી જોઈએ

## ભાજપ સરકારે નીટના મુદ્દે છટકી જવા માટે કોર્ટનું શરણું લીધું છે : છેલ્લા બે દશકમાં શિક્ષણ ક્ષેત્રની ઘોર ખોદાઈ : નીટ પરીક્ષા માટે બે વર્ષનો સમય આપવાની જરૂર

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજ્યમાં ભાજપ સરકાર દ્વારા છેલ્લા બે દસકાથી શિક્ષણ તેમજ વિદ્યાર્થીઓના કરવામાં આવી રહેલા અહિતમાં નીટના પ્રશ્ને ઉભી થયેલી વિવાદાસ્પદ પરિસ્થિતિ તે ભાજપ સરકારની અસ્પષ્ટ અને કોમર્શિયલ શિક્ષણ નીતિનું પરિણામ છે. ગુજરાતમાં નીટની પરીક્ષા માટે ઓછામાં ઓછા બે વર્ષનો સમય આપવો જોઈએ તેવી માંગણી કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકારે નીટના પ્રશ્ને છટકી જવા માટે કોર્ટનું શરણું લીધું છે. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં ભાજપ સરકારે છેલ્લા બે દસકામાં શિક્ષણ ક્ષેત્રની ઘોર ખોદી નાખી છે. ગુજરાત રાજયમાં ભાજપે શાસનધુંરા સંભાળી ત્યારથી જ શિક્ષણ ક્ષેત્રે । ખુલ્લેઆમ વેપલો શરૂ કરી લીધો છે. તે વખતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને આજના મુખ્યમંત્રી અને તે વખતના શિક્ષણ મંત્રી આનંદીબેન પટેલે વિદ્યાર્થીઓ અને શિક્ષણનું હિત કરવાના બદલે વેપારીકરણ કરી શિક્ષણ જગતને ગંભીર નુકસાન કર્યું છે.

ભાજપની વેપાપલક્ષી શિક્ષણ નીતિના કારણે સેલ્ફ ફાઈનાન્સ શાળા કોલેજોનો બિલાડીના ટોપની જેમ રાફડો ફાટેલો છે. તેમાં આજની અસહ્ય મોંઘવારીમાં કળ ના વળે તેટલી અધધધ ફી ભરવા છતાં યુવાનો બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. પીટીસી, ફાર્મસી, બીએડ, ઈજનેરી જેવી અનેક શાખાઓમાં વિદ્યાર્થીઓને આજે બે પાંચ હજારની ક્યાંય નોકરી પણ મળતી નથી. જ્યારે સરકારી નોકરીઓ માટેની ભ્રામક જાહેરાતો કરી જરૂરી ભરતી નહીં કરવા સાથે જ ફિક્સ પગાર આપી વિદ્યાર્થીઓ અને યુવાનોની મજાક કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યમાં મેડીકલ ક્ષેત્રે પ્રવેશ માટે ગુજકેટ અને નીટના પ્રશ્ને અગાઉ પણ બે થી ત્રણ વખત વિવાદ સર્જાયો છે. આમ છતાં, માત્ર અને માત્ર કોર્ટના ભરોસે રહી રાજ્ય સરકારે નીટ અંગે કોઈ નક્કર નીતિ ઘડીને યોગ્ય નિર્ણય લીધો નથી.



પાણીની પરબ : ઉનાળાના ધોમધખતા તાપમાં પાણીની તરસ વારંવાર લાગે છે. માનવ જાત માટે તરસ છીપાવવા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની પરબો ઠેર ઠેર મંડાઈ છે. શહેરી વિસ્તારમાં પાણીના જગ અને ગ્રામ્ય વિસ્તારમાં માટલા અને કોઠી ભરીને પાણી મુકાય છે. પાણીની પરબ પરંપરાગત રીતે પૂન્યનું કાર્ય છે એમ આપણી સામાજિક પરંપરા કહે છે.

# દક્ષિણ ગુજરાતમાં મહિલા ઉત્કર્ષ માટે વાઘ બકરી ટી ગૃપનો સહયોગ

વિશ્વની ટોચની ચાની કંપનીઓમાં સ્થાન ધરાવતી ગુજરાતના ટી ગ્રુપે વિકાસલક્ષી સંસ્થા, સોસાયટી ફોર એજયુકેશન વેલફેર એન્ડ એકશન (સેવા) રૂરલ દ્વારા ઝઘડીયામાં ચાર માળના મકાનનું નિર્માણ કરાયું છે. આ માટે વાઘ બકરી ટી ગ્રુપે તેની કોર્પોરેટ સામાજીક પ્રવૃત્તિના ભાગ તરીકે રૂ. ૩ કરોડનું દાન કર્યું છે. આ બિલ્ડીંગમાં તાલિમ કેન્દ્ર, વર્ગખંડો, પ્રેકટિકલ ટ્રેઈનિંગ લેબ, લાયબ્રેરી, ઓફિસ, કન્યાઓ અને મહિલાઓ તથા સ્ટાફ માટે આવાસની સુવિધાનો સમાવેશ થાય છે, જે અંદાજે ૪૦ મહિલાઓ માટે નિવાસ વ્યવસ્થા પુરી પાડશે. આ બિલ્ડીંગને સેવા રૂરલ સંચાલિત મહિલા તાલિમ કેન્દ્ર વાઘબકરી ચા ગ્રુપ, અમદાવાદ-૨૦૧૬ નામ આપવામાં આવ્યું છે.

સ્થાયી ફર્નિચિર ધરાવતી આ બીલ્ડીંગ ચાર માળની છે અને તે દ્વારા નજીકના વિસ્તારોમાં રહેતી આદિવાસી, ગ્રામ્ય અને ગરીબ સમાજને લાભ થશે. સેવા રૂરલ દ્વારા તાલિમ અને શિક્ષણ પુરું પાડવામાં આવશે. આ શિક્ષણ રાહતદરે પુરું પાડવામાં આવશે. જે તાલિમ પુરી પાડવામાં આવશે તેમાં નર્સીંગ, લેબ આસીસ્ટન્ટ, સ્ટીચીંગ, બેઝિક કમ્પ્યુટર શિક્ષણ, સ્વરક્ષણની તાલિમ અને જાતિય સતામણી અંગે જાગૃતિ તથા અન્ય બાબતોનો સમાવેશ થાય છે.

અગાઉ આ પ્રોજેકટ હેઠળ વાઘબકરી ટી ગ્રુપે બાળકોના શિક્ષણ માટે ઝઘડીયા તાલુકાના દૂરનાં ૧૨ ગામોમાં વિકાસ અને ઉત્કર્ષની પ્રવૃત્તિઓ માટે મોબાઈલ વાનનું દાન કર્યું હતું.

આ બધી પ્રવૃત્તિઓ વાઘબકરી ટી ગ્રુપ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળી ગામડામાં માળખાગત સુવિધાઓ સ્થાપવા અને મહિલા સશકિતકરણ માટે સતત થતી પ્રવૃત્તિઓના હેતુ તરીકે કરાઈ છે.

## રૂપિયાની ઉઘરાણી બાબતે કેલાવાના ઈસમને છુટા પથ્થર માર્યા

હિંમતનગર, તા. ૪

કેલાવા ગામે ગત ૨૮ મી તારીખે બનેલી ઘટનામાં ઉછીના લીધેલા પૈસાની ઉઘરાણી મામલે એક ઈસમે બીજા ઈસમને છુટા પથ્થરો મારી ઈજા પહોંચાડતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

કેલાવા ગામના સુંદરભાઈ રામજી લિંબાત ગુરૂવારે બપોરે ૪-૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નીકળી ઈંટોની ખરીદી કરવા જતા હતા. તે સમયે બસ સ્ટેશન પાસે ગામનો જ પ્રેમજી જોમાજી અસારી મળ્યો હતો. જેની પાસેથી સુંદરલાલ પૈસા માગતો હતો. જેની ઉઘરાણી કરતા જ પ્રેમજી એકદમ ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલ્યા હતા.

## લાગણીનો મેળો

● ૪ પાનાનું ચાલુ...

વ્યવહારમાં એવું કહેવાય છે કે ''હિસાબ ચોખ્ખા રાખનાર માણસ વધારે જીવે છે!'' આ સાબિત કરવા અનુભવ કરો ને જુઓ. બીજું માયાળુ સ્વભાવ એના લાભ સમજાવવાના હોય?

દોસ્ત, જીવનમાં કે અન્ય ક્ષેત્રોમાં સફળ થવા માટે આ સાદા કીમિયા અજમાવનારને નાની કે મોટી ઉંમરનો અવરોધ કદી નડે નહી..... ઈચ્છિત લક્ષે પહોંચાય જ !!! મિત્રો, અહી વધતી જતી ઉંમરે અવનવી પ્રવૃત્તિઓ આદરવાની વાત નથી કરતો પરંતુ જો વયનો વિચાર વિકાસમાં બાધક થતો હોય તો તે દૂર કરવા માટે આ બધી ચર્ચા કરું છું. અશક્તિ, સંકોચકે બીજો કોઈ વિચાર પાછા ના પાડી દે એ જોવાનું છે. જીવનમાં વર્ષો ઉમેરાય એની સાથે વધતાં જતાં વર્ષોમાં જીવન ઉમેરવા માંડો. વધતી વયને અનુભવોનું ભાતું વધતું જ જાય છે. એવો વિચાર કરશો તો કોઈપણ ઉંમર તમને દુઃખી નહિ કરે. નવા વિચારો સાથે નવી શરૂઆત કરો. ''સફળતા મારો જન્મસિદ્ધ અધિકાર છે એ મેળવી ને જ જંપીશ.'' આવું મનને સતત ગોખાવો... નવા જીવનનો શુભારંભ કરો... મનવાંછિત સફળતા મેળવવાનો તમારો દ્રઢ નિર્ધાર સફળ થાઓ!!!

***સ્પર્શમણિ***

***જીદ અને જિંદગી વચ્ચે શબ્દથી મોટો ફરક નથી, જીવનમાં જિંદગી જીવવા માટે જીદ કરો પણ, જીદ કરતાં જિંદગીમાંથી કશું ખોવાય નહિ તેનું ધ્યાન રાખજો!***

● ● ●

જેણે પ્રકાશ આપવાનો હોય છે.... તેણે સતત સળગતા જ રહેવું પડે છે.
સળગતા રહે એ પ્રકાશ આપે....
બળતા રહે એ ધુમાડા કાઢે....

**- Rasikvaland1965@gmail.com**

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



'ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના; ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના...' આજે પણ જે સાંભળતા યુવાન હૈયું હાથ ન રહે એવી આ અમર રચનાના રચયિતા મણિલાલ દેસાઈની વિદાયને ગઈકાલે અર્ધી સદી પૂરી થઈ. ગુજરાતી કવિતાના આભમાં દૈદિપ્યમાન રવિ જેવો કવિ ઉદય વેળાએ જ અસ્ત થઈ ગયો... ઉમાશંકર જોષી, આદિલ મન્સૂરી, સિતાંશુ યશશ્ચંદ્ર જેવા શિરમોર સર્જકો સાથે સામિપ્ય ધરાવતો આ કવિ ધનુર્વાને કારણે માત્ર ૨૭ વર્ષની વયે, ૪ મે, ૧૯૬૬ની સવારે સરકી ગયો... 'સરકી જાયે પલ... કાળ તણું જાણે કે એ તો વરસે ઝરમર જલ!' નો સર્જક એમના સખા અને સગા મોટાભાઈ શ્રી રણજિતભાઈ દેસાઈના ઘરમાં - ગાંધીનગરમાં સ્મરણમાં સદા હયાત છે. 'ભાભલી' - શ્રીમતી કુસુમબેન અને ભાઈ શ્રી રણજિતભાઈ દેસાઈ કવિની કુતિો, પત્રો અને અક્ષરોને જીવનની મહામૂલી જણસની જેમ સાચવીને બેઠા છે. ૫૦ વર્ષ પહેલાં મણિલાલ દેસાઈ અલવિદા કહી ને ગયા છે, પરન્તુ આજે પણ એમની તસવીર હાથમાં લેતાં ૮૧ વર્ષના આ વડીલની તાસીર યુવાન થઈ જાય છે... બ્લેક એન્ડ વ્હાઈટ છબી આજે પણ સ્વજનોની સ્મૃતિને રંગબેરંગી કરી મૂકી છે...!

## ઊંઝા અપહરણ કેસમાં ચારની ધરપકડ

ઊંઝા, તા. ૪

ઊંઝા તાલુકાના મહેરવાડા ગામે પ્રજાપતિ વાસમાં રહેતા એક યુવાનનું મોટરકારમાં આવેલ ચાર શખ્સોએ અપહરણ કરી રૂપિયા બે લાખની માંગણી કરી શરીરે સખ્ત માર મારી ઊંઝા ખાતે છોડી દઈ ફરાર થઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો હતો. આ અંગે ઊંઝા પોલીસે ચાર શખ્સો વિરૂદ્ધ અપહરણનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.બાદ આ ગુનામાં સંડોવાયેલ ચાર આરોપીઓ સુનિલ કેશવલાલ ચૌધરી રહે. મહેસાણા, દિલીપ હસમુખભાઈ પટેલ રહે. ઉમતા, મનિષ બાબુભાઈ પટેલ રહે. મહેસાણા, નિકેત રમેશભાઈ પટેલ રહે. ઉમતાની ધરપકડ કરી વધુ તપાસ આરંભી છે.

## ૧૧મીએ સજનબા વડીલ વિસામાનો શુભારંભ

ગાંધીનગર, તા. ૪

મહાત્મા ગાંધી સેવાલય દ્વારા આગામી તા. ૧૧મીને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન સ્વ. સજનબાના સ્મરણાર્થે એક સેવારૂપી શ્રી સજનબા વડીલ વિસામાનો શુભારંભ કરવામાં આવશે. ગાંધીનગરના દહેગામ તાલુકાના રખિયાલ ગામના કલ્યાણજીના મુવાડા ખાતેના કલ્યાણ ધામનો પ્રિતમ મુનિજીના હસ્તે શુભારંભ કરાશે. આ પ્રસંગે સંત આનંદમૂર્તિજી આર્શીવચન આપશે. દરજણસિંહ રહેવર અને સ્વ. પ્રવિણચંદ્ર ઠક્કરની પ્રેરણાથી વડીલો માટેનો વિશામો શરૂ કરવાનું કાર્ય હાથ ધરાશે.

## આક્ષેપો પુરવાર થશે તો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપના ભૂપેન્દ્ર યાદવે ચર્ચાની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ ખુબ જ ગંભીર મુદ્દો છે. ભાજપના સુબ્રમણ્યમ સ્વામીએ પણ એક પછી એક આક્ષેપો કર્યા હતા. આ અગાઉ કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે, એવા લોકો ઉપર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે જેમને આ સોદા સાથે કોઈ લેવા દેવા નથી. કોંગ્રેસ તરફથી જવાબ આપતા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે, માત્ર નામ આવવાથી કોઈ વ્યક્તિ જવાબદાર થઈ જતી નથી. જજ પણ કહી ચુક્યા છે કે, સોનિયા ગાંધી સામે કોઈ પુરાવા નથી. આ દેશમાં ઘણા બધા એપી છે. ગુજરાતના સીએમ પણ એપી છે. એપીથી અહેમદ પટેલ જ કેમ આનંદીબેન પટેલ કેમ નહીં થઈ શકે. અમે ઈટાલી કોર્ટના ચુકાદા ઉપર વિશ્વાસ કરીએ તે બાબત ફરજિયાત કેમ છે. આ ચુકાદામાં સોનિયા ગાંધી ઉપર કોઈ આક્ષેપ નથી. ભાજપ દ્વારા પુરાવા વગર આક્ષેપો કરાઈ રહ્યા છે.

કોર્ટના ચુકાદાનો ખોટો મતલબ કાઢવામાં આવી રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ઓગસ્ટાને વિદેશી રોકાણકાર તરીકે માન્યતા મળી હતી. હવે સરકાર પોતાની ભુલ વિપક્ષ ઉપર મુકી રહી છે. સરકારની પાસે સીબીઆઈ, ઈડી જેવી સંસ્થાઓ છે. આવી સ્થિતિમાં દરેક બાબત સ્પષ્ટ કેમ થઈ રહી નથી. કોંગ્રેસના નેતા આનંદ શર્માએ પણ સ્વામીના આક્ષેપોનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતુ કે, જે ભેટ અમરા દ્વારા રજૂ કરવામાં આવી છે તેનાથી તેમને પણ નુકસાન થશે. અમારી સામે ખોટો પ્રચાર થઈ રહ્યો છે. કોંગ્રેસને બદનામ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

# હિંમતનગરમાં જાહેરનામાનો ભંગ બદલ ત્રણ ગેસ્ટહાઉસ સીલ

હિંમતનગર, તા. ૪

હિંમતનગર શહેરના મોતીપુરા, સહકારીજીન અને કાંકણોલ હાઈવે નજીક આવેલા ત્રણ ગેસ્ટહાઉસના સંચાલકો દ્વારા વ્યાપક પ્રમાણમાં ગેરરીતિઓ આચરીને જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો હોવાનું માલુમ પડતા હિંમતનગરના મામલતદાર દ્વારા ત્રણ ગેસ્ટહાઉસને સીલ મારીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવતા ગેસ્ટહાઉસ સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગે જિલ્લા કલેકટર કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર હાઈવે પર આવેલી કેટલીક હોટલ, રેસ્ટોરન્ટ તથા ગેસ્ટહાઉસના સંચાલકો દ્વારા જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરવામાં આવતો હોવાની ફરિયાદ ઉઠતા પ્રાંત ઓફીસર કલ્પેશ પાટીદાર દ્વારા હાઈવે પર આવેલી તમામ ગેસ્ટહાઉસ તથા હોટલોની તપાસ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ નવજીવન ગેસ્ટહાઉસ, સહકારીજીન વિસ્તારમાં આવેલ વેલકમ ગેસ્ટહાઉસની નાયબ પોલીસ અધિક્ષક શ્રીવાસ્તવ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જયારે હિંમતનગરના મામલતદાર એચ.કે.ગઢવી દ્વારા કાંકણોલ હાઈવે નજીક આવેલ મીરર કયુબ ગેસ્ટહાઉસની તપાસ કરવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેકટર પી.સ્વરૂપ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ જાહેરનામાનો ભંગ કરાયો હોવાનું જણાયુ હતું.

તપાસ દરમિયાન ગેસ્ટહાઉસના સંચાલકો દ્વારા ગેસ્ટહાઉસમાં રોકાતા સ્ત્રી, પુરૂષના નામ, સરનામા તેમજ આઈ.ડી. પ્રૂફની ચોક્કસ વિગત રાખતા ન હોવાનું બહાર આવ્યુ હતું. ઉપરાંત ગેસ્ટહાઉસમાં રોકાણ કરતા ગ્રાહકોના વાહનોના નંબરોની નોંધણી પણ કરાઈ ન હતી. ગેસ્ટહાઉસમાં સીસી ટીવી કેમેરા લગાડવા તેમજ ગેસ્ટહાઉસમાં રોકાણ કરતા તમામ ગ્રાહકોના થમ્બ લઈને રજીસ્ટરમાં નોંધણી કરવા માટેનો નિયમ હોવા છતાં ગ્રાહકોના થમ્બ લેવામાં આવતા ન હોવાનું જણાયુ હતું.

આ અંગેનો અહેવાલ જિલ્લા કલેકટર પી.સ્વરૂપ સમક્ષ પણ રજુ કરવામાં આવતા સરકારના નિયમોનું ઉલ્લંઘન કરતા ગેસ્ટહાઉસના સંચાલકો વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટેનો આદેશ કરવામાં આવતા પ્રાંત અધિકારી કલ્પેશ પાટીદાર દ્વારા મોતીપુરા વિસ્તારમાં આવેલ નવજીવન ગેસ્ટહાઉસ, સહકારીજીન રોડ પર આવેલ વેલકમ ગેસ્ટહાઉસ તથા કાંકણોલ નજીક આવેલ મીરર કયુબ ગેસ્ટહાઉસને સીલ મારી સંચાલકોને કારણદર્શક નોટીસ ફટકારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વધુમાં જણાવ્યુ હતું કે શહેરમાં આવેલા કેટલાક ગેસ્ટહાઉસોના સંચાલકો ગેસ્ટહાઉસની આડમાં અનૈતિક ધામ તથા દેહવિક્રયના કારોબાર કરતા હોવાનું જણાયુ છે. જેથી આવા ગેસ્ટહાઉસના સંચાલકો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

# ઈડર ખાતે અંગ્રેજી માધ્યમ શાળામાં વાલીઓ માટે ખાસ સેમીનાર

ઈડર, તા. ૪

આજે યુનિક યુ. સ્કૂલ ઈડર ખાતે અંગ્રેજી માધ્યમ શાળાના વાલીઓ માટે ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન માટે સેમીનારનું આયોજન થયેલ છે. તાજેતરમાં મેડીકલમાં પ્રવેશ માટે નીટની પરીક્ષા અંગે પ્રાથમિક કક્ષાએથી જ આપણા બાળકોને કેવી રીતે તૈયાર કરી શકાય તે અંગે તથા સ્ટેટબોર્ડ કે સેન્ટ્રલ બોર્ડ (સીબીએસઈ)આ બેમાંથી કયો અભ્યાસક્રમ પસંદ કરવો તેનું સચોટ માર્ગદર્શન મળશે.

આ સાથે બાળકને જાતે શીખતા કેવી રીતે કરવો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પ્રાથમિક કક્ષાએથી જ કેવી રીતે તૈયારી કરવી, ૨૧મી સદી માટે જરૂરી કૌશલ્યો કેવી રીતે વિકસાવવા અને ઈડરમાં રહીને જ આંતરરાષ્ટ્રીય અનુભવો પ્રાથમિક કક્ષાએ કઈ રીતે આપવા તેનું નિષ્ણાંત માર્ગદર્શનની તક ચૂકશો નહી. આ આયોજન ધ ગુડ હ્યુમન બીઈંગ ફાઉન્ડેશન ગાંધીનગર અને નિજુવિડી સીડ્સ દ્વારા સામાજિક દાયીત્વના ભાગરૂપે ગ્રામ્ય વિસ્તારના વાલીઓને સમયસર સચોટ માર્ગદર્શન આપવાના આશયથી થયેલ છે.

## આવાસોનો સર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કીસ્સાઓ વારંવાર પ્રકાશમાં આવે છે. ત્યારે ચોમાસાના દિવસો નજીકમાં છે.આવા સંજોગોમાં વરસાદી દિવસોમાં સરકારી આવાસોમાં કોઈપણ અકસ્માત ન સર્જાય તે માટે તંત્ર દ્વારા વિશેષ પ્રકારના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં પાટનગર યોજના વિભાગના વિવિધ ડીવિઝનના એસ ઓ ને કામગીરી સોંપવામાં આવી છે. હાલ શહેરના સરકારી આવાસોનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. રેપિડ વિઝયુઅલ સર્વે અન્વયે ડિવિઝનના એસ ઓ દ્વારા આ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં સ્થળ તપાસ કરીને સરકારી આવાસોના બ્લોકનુ બિલ્ડીંગ સલામત છે કે કેમ તે અંગે જરૂરી અભ્યાસ કરવામાં આવી રહયો છે. જયારે આ દરમિયાન કોઈપણ આવાસ ભયજનક હાલતમાં માલુમ પડશે તો તેના ફોટા સાથેનો અહેવાલ તૈયાર કરી વિભાગને રીપોર્ટ સુપ્રત કરવામાં આવશે. શહેરના સરકારી આવાસોની હાલત ભયજનક હોવાનો સુર પ્રબળ બન્યો છે. આમ નાગરિકોમાં પણ સરકારી આવાસોની સ્થિતિને અનુલક્ષી આક્રોશ પ્રવર્તયો છે. ત્યારે ચોમાસા દરમિયાન આ આવાસો કોઈપણ પ્રકારની દુર્ઘટનાનુ કારણ ન બને તે માટે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

## ટેન્કર મંગાવ્યા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. શહેરમાં જુના અને નવા સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ એક જ સમયે પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. જયારે નવી વિતરણ વ્યવસ્થાના અંતે સેકટરોમાં પાણીનો પ્રશ્ન હલ થયો હોવાનો એકરાર પણ તંત્રના અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યો છે. પરંતુ આ વર્ષે નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. સે-૩ માં આજે ફોર્સથી પાણી ન આવતા રહીશોએ હાલાકી વેઠવી પડી હતી. જયારે કેટલાક ઠેકાણે પાણીનુ ટેન્કર મંગાવાની પણ ફરજ પડી હતી. સે-૩ માં ફોર્સથી પાણી પુરવઠો પુરો પાડવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## સંતુલિત વિકાસ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોઈએ. તેમણે કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં નગરોના યુવાનોને તાલિમ અપાય તેના પર ધ્યાન કેન્દ્રીત કરી અને તાલિમ પામેલા યુવાનને રોજગાર મળે તે પણ જોવુ જોઈએ જે ગરીબી નાબુદીની દિશામાં સરકારનું મહત્વનું કદમ છે.

મુખ્યમંત્રીશ્રીએ સુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન બનાવી અને રિસાયકલ કરેલ વૉટરથી આસપાસના ગ્રામ્ય વિસ્તારના ખેતરોને ખેતી માટે પાણી આપવા તેમજ નગરોના ઉદ્યાનોને પાણી આપી પર્યાવરણની જાળવણી થાય તે જોવા પર વિશેષ ભાર મુક્યો હતો.

સ્વચ્છતા મિશન અંગે તેમણે જણાવ્યું હતુ કે સ્વચ્છતાની જાળવણી માટે દંડનીય કાર્યવાહી કરવી જોઈએ. તેમણે શહેરી વિસ્તારોમાં જાહેર શૌચક્રિયા ન થાય તે માટે કડકાઈથી પાલન કરવા પણ કહ્યું હતું.

વિકાસના કામો સમયસર શરૂ થાય અને સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવાનો આગ્રહ કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઈ-ટેન્ડરીંગ અને ટેન્ડર મોટનો સમયગાળો ટુંકો કરવાની હિમાયત કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે ડુડા કક્ષાએથી વહીવટીય મંજૂરી સમયસર ન મળવાને કારણે અને અમુક કિસ્સામાં નગરપાલિકા લેવલે આયોજનના અભાવને કારણે કામો સમયસર શરૂ થતા નથી અને સરકારે ફાળવેલા નાણાં વપરાતા નથી. આ માટે કલેક્ટર કક્ષાએ પણ યોગ્ય વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં આવી રહ્યું છે.

તેમણે આવાસ યોજનાના અમલીકરણ માટે પણ આગ્રહ કરી જણાવ્યું હતું કે આ માટેની તમામ કાર્યવાહી અત્યારથી જ શરૂ કરો જેથી સમયમર્યાદામાં કામો શરૂ થાય અને પૂર્ણ કરી શકાય.

પ્રારંભમાં શહેરી વિકાસ રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં શહેરી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સરકારે હાથ ધરેલા પ્રયાસોની જાણકારી આપી સ્વચ્છ, સ્વસ્થ સક્ષમ અને સ્વાવલંબી નગર નિર્માણ માટે સૌને કટિબદ્ધ બનવા અનુરોધ કર્યો હતો.

સચિવશ્રી રાજીવકુમાર ગુપ્તાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતુ કે છેલ્લા દસકામાં શહેરી વિકાસ વિભાગને આ વર્ષે વિક્રમી ફાળવણી બજેટમાં સરકારે કરી શહેરોના સર્વાંગી વિકાસ પર સરકારે તેનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે. તેમણે જુદી જુદી યોજનાઓ અંતર્ગત કરાયેલી ફાળવણી વિકાસને સંતુલિત બનાવશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.